# નવસર્જન

## ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ

જુના RTO ની બાજુમા, રીંગ રોડ, સુરત

## સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ની શાળાઓમાં

## સુરક્ષિત સ્પર્શ

## અસુરક્ષિતસ્પર્શ

## જાગૃતિ કાર્યક્રમ






NAVSARJAN
XCHD

## નવસર્જનની માહિતી

"બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦" હેઠળ "નવસર્જન, ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ" ની સ્થાપના મે, ૧૯૮૬માં 'સોસાયટી ઓફ જીસસ' એટલે 'ઈસુ સંઘ' ગુજરાત પ્રાંતના નેજા હેઠળ કરવામાં આવી હતી. નવસર્જન એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ નવીન સર્જન, નવેસરથી સર્જન.

**દ્રષ્ટી – કલ્પના** :

નવસર્જન એક એવા વિશ્વનું નિર્માણ કરવા પ્રયત્નશીલ છે જ્યાં વ્યક્તિને પોતાની પૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા સમાન અને પુરતી તક મળે, એક એવો સમાજ જ્યાં ન્યાય, શાંતિ અને સમૃધ્ધિ સાથે લોકો માનવીય જીવન જીવી શકે.

**લક્ષ્યો અને ઉદ્દેશો** :

૧) સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના સર્વાંગી વિકાસ અર્થે કાર્યરત રહેવું.

૨) સ્ત્રીઓ અને બાળકો પર વિશેષ ભાર આપી તેમનું સશક્તિકરણ કરવું.

૩) સંગઠનનું મહત્વ સમજાવી સંગઠિત કરી, જાગૃતિ લાવી લોકોને પોતાના હક્કો માટે પોતે અવાજ ઉઠાવતા થાય તે દિશામાં પ્રોત્સાહિત કરી સામાજિક અને આર્થિક પરિવર્તન લાવવું.

NAVSARJAN XCHD

## પ્રસ્તાવના

બાળકો ખુબ જ સંવેદનશીલ અને નાજુક માનસિકતાવાળા હોય છે. બાળપણમાં તેમની સાથે થયેલા બનાવો,વ્યવહારો અને અનુભવોની તેઓના સ્મૃતિપટ પર આજીવન છાપ રહી જાય છે. હાલમાં બાળકો પર શારીરિક શોષણના બનાવો વધ્યા છે. આ તો એવા બનાવો છે કે જેની નોધ લેવાય છે પરંતુ એવા અસંખ્ય બનાવો છે કે જેની કોઈ નોંધ લેવાતી નથી. સૌથી મહત્વની વાત તો એ છે કે બાળકો સાથે થતા જાતીય શોષણ અંગે નાના બાળકોને પોતાને જ ખબર હોતી નથી કે તેઓ સાથે જાતીય શોષણ થઇ રહ્યું છે, તો જાતીય ગુનાના કેસો સામે આવવાનો તો સવાલ જ ક્યાંથી ઉભો થાય ? જે બાળકો સાથે જાતીય શોષણ થઇ રહ્યું હોય છે તે બાળક પોતે જ એના માટે ગુનેગાર છે એવું માની કોઈને વાત જણાવતા નથી, કેમકે બાળકોને જાતીય શોષણ અંગે કોઈ માહિતી આપવાવાળું વ્યક્તિ જ નથી. અમુક બાળકો હિંમત કરી પોતાની સાથે થયેલ જાતીય શોષણ અંગે ઘરે જણાવે છે પરંતુ મોટાભાગના જાતીય શોષણ કરનાર નજીકના સગાંસંબંધી જ હોય છે, પોતાની પ્રતિષ્ઠાને લીધે બાળકોની સુરક્ષાને પણ નેવે મુકીને જાતીય શોષણ અંગે પોલીસ ફરિયાદ કરતા નથી. આથી ગુનેગારોને વધારે હિંમત મળે છે અને બાળકો બધારે ને વધારે જાતીય શોષણનો ભોગ બને છે.

આ કાર્યક્રમ દ્વારા નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેંટ સુરત, દ્વારા સુરક્ષિત બાળપણના ખ્યાલ સાથે બાળકોમાં સુરક્ષા માટેની યોગ્ય જાગૃતિ આવે તે માટે આ અભિયાન દ્વારા બાળકોમાં જાગૃતિ ઉભી કરવાની એક પહેલ કરી છે.

NAVSARJAN XCHD

## POCSO જાગૃતિ કાર્યક્રમ શાળામાં કરવા પાછળનો ઉદેશ્ય

- બાળકોમાં સારો સ્પર્શ (Good touch) અને અસુરક્ષિત સ્પર્શ (Bad touch) વચ્ચે શું ભેદ છે તે અંગેની સમજ ઉભી થાય તેમજ કોઈ પણ વ્યક્તિ દ્વારા અસુરક્ષિત સ્પર્શ કરવામાં આવે તો તેઓ પોતાની વાત માતાપિતાને જણાવે, તો આ રીતે જાતીય શોષણના બનાવો બહાર આવે અને બાળકોનું શોષણ થતું અટકે એ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે.
- સ્કુલમાં કાર્યક્રમ કરવાથી વધારે બાળકો સુધી પોહોચી શકાય અને વધુ ને વધુ બાળકોને જાગૃત કરી શકાય.
- શિક્ષકોને પણ આ બાબતની જાણકારી હશે તો તેઓ પણ બાળકોને મદદ કરી શકશે અને નવા આવનાર બાળકોને પણ માહિતી આપી શકશે.


## કાર્યક્રમની પૂર્વ તૈયારી


કાર્યક્રમની પૂર્વ તૈયારીનાં ભાગ રૂપે નવસર્જન કોર સ્ટાફની પ્રાથમિક મિટિંગ કરવામાં આવી હતી. જેમાં બાળકો સાથે જે જાતીય શોષણના બનાવો દિવસેને દિવસે વધી રહયા છે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ખુબજ ગંભીર બાબત છે તો આપણે આ મુદ્દાને લઈને આગળ વધવું છે એવું નક્કી કરવામાં આવ્યું. આ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત શાળામાં POCSO અંગે તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માટે શાસનાધિકારીને પરવાનગી માટેનો લેટર આપવામાં આવ્યો.

કાર્યક્રમમાં બાળકોને કઈ પદ્ધતિ દ્વારા સમજાવી શકાય તે અંગે તાલીમ મટીરીયલ તૈયાર કરવાની જવાબદારીની વહેચણી કરવામાં આવી. તાલીમ મટીરીયલ તૈયાર થયા બાદ કોર સ્ટાફ મિટિંગ બે ત્રણ વાર બોલાવી જરૂરી સૂચનો મેળવી સર્વ સંમતિ દ્વારા મિટિંગમાં તાલીમ મટીરીયલ ફાઈનલ કરવામાં આવ્યું. પરવાનગી અંગેનો પત્ર મળતાની સાથે જ સ્કુલ અંગે આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ અંગે પોસ્ટરો બનાવવામાં આવ્યા તેમજ કઈ રીતે કાર્યક્રમ કરવો તે અંગેનું આયોજન કરવામાં આવ્યું. નવસર્જનના સ્ટાફ દ્વારા શાળાની મુલાકાત લઇ કાર્યક્રમ અંગેની તારીખ અને સમય લેવામાં આવ્યો. ત્યારબાદ જુલાઈ માસથી સ્કુલમાં પોક્સો અંગેનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં બાળકોને સુરક્ષિત સ્પર્શ અને અસુરક્ષિત સ્પર્શ અંગે ઓડીઓ વીડિઓ દ્વારા સમજ આપવામાં આવી હતી.


NAVSARJAN XCHD

## જાગૃતિ કાર્યક્રમ માટે તૈયાર કરેલ પોસ્ટર




NAVSARJAN
XCHD







## કરેલ કાર્યક્રમનનો અહેવાલ

કાર્યક્રમની શરૂઆત તાલીમ આપનારના (સાહિલ પટેલ) પરિચય અને નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ, સુરતના પરિચયથી કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકોને કાર્યક્રમની શરૂઆતમાં સારી આદતો અને ખરાબ આદતો વિશે ચિત્ર બતાવી પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. બાળકોને સુરક્ષિત સ્પર્સ અને અસુરક્ષિત સ્પર્શની શું જરૂરિયાત છે તેની સમજ પતંગિયું અને કુતરાના બચ્ચાના ઉદાહરણ દ્વારા આપવામાં આવી.

બાળકોને ચાઈલ્ડલાઈન ઇન્ડિયા ફાઉન્ડેશનના કોમલનો good touch અને bad touch નો વીડિઓ પ્રોજેક્ટર દ્વારા બતાવવામાં આવ્યો. વીડિઓ પૂરો થયા બાદ બાળકોમાં કેટલી સમજ ઉભી થઇ છે તે અંગે પૂર્વ તૈયાર કરેલ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જે નીચે પ્રમાણે છે.

1. વીડિઓમાં છોકરીનું નામ શું છે?
2. કોમલના પડોસીનું નામ શું છે?
3. અંકલનો સ્પર્શ કેવો છે?

NAVSARJAN XCHD


4. માતા પિતા થી કોઈ સીક્રેટ હોઈ ખરું ?

5. વીડિઓમાં છોકરી પોતાની વાત કોને જણાવે છે?

6. તમારે કોઈ વાત જણાવવાની હોઈ તો તમે કોને જણાવશો?

7. વીડિઓમાં બાળકની મમ્મી કોને ફોન કરી જવાવે છે?

આ પ્રશ્નોતરીનાં અંતે બાળકોને Power Point Presentation દ્વારા બાળકોને શરીરના કયા ભાગને સપર્શ કરે તો તે અસુરક્ષિત સ્પર્શ કહેવાય અને જો કોઈ અસુરક્ષિત સ્પર્શ કરે તો આપણે શું કરવું તે અંગેનાં ત્રણ સ્ટેપ બતાવવામાં આવ્યા જેમાં,



જોરથી “NO” કહી બુમ



ત્યાંથી સુરક્ષિત જગ્યા પર ભાગી જવું.



તમારા વિશ્વાસપાત્ર  વ્યક્તિ જેમ કે મમ્મી-પપ્પા, ભાઈ - બહેન, દાદા - દાદી, શિક્ષકને વાતની જાણ

NAVSARJAN XCHD

ત્યારબાદ બાળકોને ચાઈલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ વિશે માહિતી આપવામાં આવી અને બાળકોને આ હેલ્પલાઇન નંબર હંમેશાને માટે યાદ રહી જાય તે માટે તેમને ચાઈલ્ડ હેલ્પલાઇનનું ગીત ગવડાવવામાં આવ્યું.

**ચાઈલ્ડ લાઈનનું ગીત**

દસ નવ આઠ (૪)

ઓ.. હો...ઓ....હો....

દસ નવ આઠ (૪)

દસ નવ આઠ હૈ, મારે સાથ, દસ નવ આઠ હૈ મેરે સાથ(2)

ચાઈલ્ડ લાઈન કી મુફ્ત હૈ લાઈન, દિન યા રાત કરલો બાત(2)

દસ નવ આઠ હૈ મારે સાથ, દસ નવ આઠ હૈ મેરે સાથ(2)


દસ નવ આઠ(2)

## કાર્યક્રમમાં ભાગ લેનારની સંખ્યા

POCSO અંતર્ગત કુલ ૪૯ શાળામાં સુરક્ષિત સ્પર્શ Good touch અને અસુરક્ષિત સ્પર્શ Bad touch વિશે કાર્યક્રમો કરવામાં જેમાં કુલ ૬૪ સેસન્સ લેવામાં આવ્યા જેમાં નીચે પ્રમાણે બાળકો અને શિક્ષકોએ તાલીમ મેળવી હતી.

| છોકરા | છોકરી | શિક્ષકો |
| --- | --- | --- |
| 5873 | 6797 | 402 |

NAVSARJAN XCHD




ઉપર દર્શાવેલ ચાર્ટમાં ૪૯ સ્કુલમાં પોક્સો અંતર્ગત સુરક્ષિત સ્પર્શ (Good touch) અને અસુરક્ષિત સ્પર્શ (Bad touch) ની તાલીમ આપવામાં આવી, જેમાં ૫૮૭૩ છોકરાઓ અને ૬૭૯૭ છોકરીઓ તેમજ ૪૦૨ શાળાના શિક્ષકોએ કાર્યક્રમાં ભાગ લીધો હતો.

## કાર્યક્રમના ફોટો





NAVSARJAN CHD










## બાળકોના અનુભવો

**સ્વામી આત્માનંદ સરસ્વતી પ્રા.શાળા ક્રમાંક ૭૭ ધોરણ-૭ ની વિદ્યાર્થીની**

***"આજે અમે સુરક્ષિત સપર્શ અને અસુરક્ષિત સ્પર્શ વિશે શીખ્યા. આપણે ક્યાંક જઈએ છીએ અને કોઈ આપણી ખાનગી જગ્યા પર ખોટી રીતે સ્પર્શ કરે. આજના જમાનામાં ઘણા લોકો છોકરીઓને ખોટી રીતે સ્પર્શ કરે છે,છોકરીઓને જ નહીં પણ છોકરાઓને પણ ખોટી રીતે સ્પર્શ કરે તો આપણે ચાઈલ્ડ હેલ્પલાઇનનો ઉપયોગ કરવો જોઈએ અને આપણા વિશ્વાસુ વ્યક્તિ જેમકે મમ્મી-પપ્પા, ભાઈ-બહેન અને આપણા શિક્ષકને પણ જાણ કરવી જોઈએ."***

**દામોદર હરિ ચાફેકર પ્રાથમિક શાળા ક્રમાંક ૨૨૨ ધોરણ ૮ ના વિધાર્થી મેહુલ**

*"જો કોઈ આપણને મોં, છાતી, બે પગ વચ્ચેનો ભાગ અને પાછળનો કમરની નીચેનો ભાગમાં કોઈ સ્પર્શ કરે તો મમ્મી અથવા જેમના પર વિશ્વાસ છે તે વ્યક્તિને જણાવવું. જો કોઈ આપણી વાત ન સાભળે તો ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઇન પર કોલ કરી શકાય છે."*

કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા શાળા ક્રમાંક – ૨૬ ધોરણ ૮ ની વિધાર્થીની નંદની

*"નવસર્જન દ્વારા Good touch અને Bad touch વિશે સમજાવ્યું. જો કોઈ Bad touch કરે તો આપણને સારું ન લાગે. કોઈ પણ વ્યક્તિને આપણી ખાનગી જગ્યા પર સ્પર્શ કરવાનો અધિકાર નથી. જો કોઈ bad touch કરે તો આપણે ત્રણ સ્ટેપ યાદ રાખવાના છે.*

*૧) જોર થી બૂમ પાડવી*

*૨) ત્યાંથી સુરક્ષિત જગ્યા પર ભાગી જવું.*

*૩) જેમના પર આપણને વિશ્વાસ હોય તે વ્યક્તિને જાણ કરવી.*

*આ ઉપરાંત આપણી સુરક્ષા માટે ચાઈલ્ડ હેલ્પલાઇન નંબર ૧૦૯૮ પર કોલ કરી મદદ મેળવી શકાય છે."*

## શિક્ષકોના અનુભવો

**શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ શાળા ક્રમાંક ૨૧૩ નાં આચાર્યશ્રી અમિષાબેન હાંસોટી**

*કાર્યક્રમ અંગે પોતાનો પ્રતિસાદ આપતા જણાવે છે કે* ***" આજે નવસર્જન દ્વારા જે ગૂડ ટચ બેડ ટચ સમજાવવામાં આવ્યું તે બાળકોને ખરેખર સમજમાં આવ્યું છે. આજ કાલ ઘણાબધા કિસ્સાઓ બની રહયા છે, તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, બાળકોને ફિલ્મ દ્વારા ખુબ જ સરસ રીતે સમજાવવામાં આવ્યું છે. હવે અમારા બાળકોને ક્યારેક બેડ ટચ કરે તો સમજમાં આવશે અને ક્યારેક જરૂર પડે તો ૧૦૯૮ પર કોલ પણ કરશે."***

NAVSARJAN XCHD

પંડિત શ્યામ પ્રસાદ મુખર્જી શાળા ક્રમાંક ૨૫૮ ના શિક્ષિકા તપસ્વિની શાહુ

***" આ ગૂડ ટચ અને બેડ ટચ ની દરેક બાળકને માહિતી હોવી જરૂરી છે. જો કોઈ બેડ ટચ કરે તો બાળકો એમના વિશ્વાસપાત્ર વ્યક્તિ મમ્મી પપ્પા હોઈ કે દાદા દાદી હોઈ તેમને વાત જણાવશે. આ કાર્યક્રમ બાળકો માટે ખુબ જ જરૂરી છે."***

દામોદર હરિ ચાફેકર પ્રાથમિક શાળા ક્રમાંક ૨૨૨ નાં શિક્ષક ચંદ્રશેખર નીકમ

***"આજે નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ દ્વારા ખુબ જ સરસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. એમાં વિદ્યાર્થીઓ માટે સારો સ્પર્શ અને અસુરક્ષિત સ્પર્શ કોને કહેવાય અને એ વાતની જાણ કોને કરી શકાય. એવી તમામ ઉપયોગી માહિતી અમારા વિદ્યાર્થીઓને આપવામાં આવી. આ માહિતી વિદ્યાર્થીઓ માટે અને અમારા શિક્ષકો માટે પણ ખુબ જ ઉપયોગી રહેશે."***

## નવસર્જન ટીમના અનુભવો

"જયારે બાળક પોતાની સુરક્ષા પોતે જ કરતો થઈ જાય ત્યારે તેણે બીજા પર આધારિત રહેવું પડતું નથી."

"સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓ અને નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટના સહિયારા પ્રયાસ થકી બાળકોને "સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ" વિષય પર તાલીમ આપવામાં આવી હતી. ખરાબ સ્પર્શ કોને કહેવાય તે બાળકો જાણી શક્યા અને જો કોઈ વ્યક્તિ તેમને

NAVSARJAN XCHD

ખરાબ સ્પર્શ કરે તો તે સમયે કયા પગલા લેવા તે બાળકોને ખુબ જ સારી રીતે આ તાલીમોમાં સમજાવવામાં આવ્યું હતું. આ તાલીમ થકી બાળકોના માટે ચાલતી ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ની માહિતી બાળકોને આપવામાં આવી જેથી બાળકો પોતાની અથવા અન્યો બાળકોની મદદ કરી શકે. આજના સમયમાં બાળકોને આવા સંવેદનશીલ મુદા પર જાગૃત કરવું ખુબ જ આવશ્ય થઈ પડે છે. બાળકો આ તાલીમમાં ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે દરેક શાળાનો સહકાર ખુબ સારો હતો તેમજ અમારા બાળકો સાથે આવી અનિચ્છનીય ઘટના ન બને અને બાળકો જાગૃત થાય તો તેઓ આવી ઘટનાનો વિરોધ જાતે કરી પોતાની સુરક્ષા કરી શકે. "દરેક બાળક સલામત અનુભવવાને પાત્ર છે. **આ ઉપરાંત શિક્ષકોએ બાળકો માટે આવી બીજી કોઈ પણ તાલીમ હોઈ તો અમારા બાળકો માટે કાર્યક્રમ રાખજો. તાલીમ દરમિયાન બાળકો સાથે વાતચીત કરવાનો એક અલગ જ અનુભવ થયો છે. સ્કુલમાં તાલીમ માટે જતા ત્યારે ફરી પોતાનું બાળપણ જીવવાનો મોકો મળ્યો.**

## આભાર

નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ સુરત દ્વારા સુરતની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી POCSO(Protection of children from sexual offences act-2012) અંતર્ગત Good touch અને Bad touch ની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ શાળામાં કરવાની પરવાનગી આપનાર **શાસનાધિકારીશ્રી** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, **સુરત મહાનગરપાલિકા**નો નવસર્જન પરિવાર ખુબ ખુબ આભારી છે. આ ઉપરાંત **ચાઈલ્ડ લાઈન ઇન્ડિયા ફાઉન્ડેશન, સત્યમેવ જયતેના દર્શકો અને રિલાયન્સ ફાઉન્ડેશન** જેમનાં કોમલનાં




NAVSARJAN XCHD

Good touch and Bad touch વીડિઓ દ્વારા બાળકોને ખુબજ સરળ રીતે સમજુતી પૂરી પાડવામાં આવી.

નવસર્જનના સ્ટાફને શાળામાં એક જ મુલાકાતમાં તાલીમ માટેની વ્યવસ્થા કરી આપવા બદલ શાળાના **આચાર્યશ્રીઓ** અને બાળકોના વિકાસને હંમેશા ગતિમાન રાખનાર એવા **શિક્ષકોનો** પણ નવસર્જન પરિવાર આભાર વ્યક્ત કરે છે.

NAVSARJAN XCHD

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો પરવાનગી લેટર



GSTIN: 24AAALM0547L1DB
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

જાવક નં. ૩૦૧૫ | તા. ૭/૭/૨૨

વચાંણે લીધું : તા.૨૪/૬/૨૦૨૨ ના રીપોર્ટ મુજબ.

પ્રતિ,
શ્રી સાહિલ ડી.પટેલ
SURAT CHILD HELP DESK
ચાઇલ્ડ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર
સુરત.

વિષય : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની શાળાઓમાં સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ બાબતે જાગૃતિ કાર્યક્રમ કરવાની મંજુરી આપવા બાબત.

સવિનય જત જણાવવાનું કે, સંસ્થાની તા.૨૨/૬/૨૦૨૨ ની અરજીમાં જણાવ્યા મુજબ સુરત શહેરમાં બાળકો પ્રત્યે જાતીય શોષણના ગુનાઓના બનાવ ન બને અને પોતે પોતાનું રક્ષણ કરી શકે તે અંગેની માહિતી આપવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની તમામ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શની તાલીમ આપવા શાળાઓમાં જવા માટેની મંજુરી આપવામાં છે. અને જે શાળામાં કાર્યક્રમ કર્યા બાદ જે તે શાળાના આચાર્યશ્રીના લેટર પેડ પર સહી સિક્કા કરી અહેવાલ રજૂ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે, કોવિડ-૧૯ ને ધ્યાને રાખીને સરકારી નિયમોનુસાર સોશિયલ ડિસ્ટન્સ જાળવી તેનું પાલન કરવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ રવાના : પ્રતિ, આચાર્યશ્રી, તમામ શાળાઓ તરફ જાણ તથા અમલ અને સહકાર આપવા સહ.

NAVSARJAN XCHD

## સુરત મહાનગરપાલિકાની શાળાઓનું લીસ્ટ

| ક્રમ | શાળાનુંનામ | આચાર્યશ્રીનું નામ |
|---|---|---|
| 1 | પંડિત શ્યામપ્રસાદ મુખરજી પ્રા. શાળાનં. ૨૫૮, સીધાર્થનગર, ભેસ્તાન | શ્રી અજયકુમાર બી. મહાપાત્રા |
| 2 | શ્રી ભાસ્કરાચાર્ય પ્રા. મરાઠીશાળાનં. ૨૧૫ ભેસ્તાનચોકડી, વસીમનગર, ભેસ્તાન | શ્રી સુદામ એ. પાટીલ |
| 3 | સ્વામી આત્માનંદ સરસ્વતી પ્રા. શાળાનં, ૭૭,(હિન્દીમાધ્યમ)સીધાર્થનગર | શ્રી સુરેન્દ્રભાઈ એમ. કઠેરિયા |
| 4 | શ્રી. વીઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ શાળાનં. ૨૧૩, કુમાર, ભેસ્તાન | શ્રીમતી અમિષાબેન ટી. હાંસોટી |
| 5 | શ્રી. દામોધરહરી ચાફેકર પ્રા.શાળાનં. ૨૨૨,કુમાર, નાગસેનનગર | શ્રી નિકમ ચંદુરોબર પ્રકાશ |
| 6 | ડો.સરોજનીબાબર પ્રા.શાળાનં.૨૫૫, કન્યા, નાગસેનનગર | શ્રી મહેશભાઈ લોટન પાટીલ |
| 7 | શ્રી રસિકલાલ છો.પરીખ પ્રા.શા.ક્ર.214 કન્યા, ભેસ્તાન | શ્રીમતી દર્શાનાબહેન ડાહ્યાભાઈ સુરતી |
| 8 | ડૉ.શાંતિસ્વરૂપ ભટનાગર પ્રા.શા. ક્ર37 , કુમાર-કન્યા, ઉર્દુમાધ્યમ, ગોલ્ડનઆવાસ, ભેસ્તાન | શ્રી સૈયદ મુશર્રતઅલી હિફાઝત અલી |
| 9 | ડૉ.છોટુભાઈ મકનનું દેસાઈપ્રા. શાળાનં. ૧૪કુમાર, તડકેશ્વર | શ્રી ભૂમિકાબેન પટેલ |
| 10 | શ્રી. ચુન્નીલાલ ઘેલાભાઈ શાહપ્રા. શાળાનં.૧૩, તડકેશ્વર | શ્રીમતી જીગીષાબેન કે. પરમાર |
| 11 | ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર પ્રા. શાળાનં. ૧૭, શિવાજીનગર, ભેસ્તાન | શ્રી પ્રવીણ મો. ભામરે |
| 12 | શ્રી. ચંદવનદન સી. મેહતા શાળાનં. ૧૯,ભેસ્તાન(ભગવતીનગર) | શ્રી નીલેશભાઈ છોટુભાઈ પટેલ |
| 13 | શ્રી. કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા શાળાનં, ૨૬, ભગવતીનગર, ભેસ્તાન | શ્રી યાદવરાજ બહાદુર આર. |
| 14 | શાયદા પ્રાથમિક શાળાનં. ૨૬૬, ગુજરાતીમાધ્યમ, આનંદનગર | શ્રી ઉર્વશીબેન ઈ. ગડરિયા |
| 15 | કવિશ્રી આદિલ મન્સૂરી,શાળા ક્રમાંક 158 | શ્રી સૈયદ અબ્દુલ હકીમ |
| 16 | પ્રફુલચંદ્ર ચાકી શાળાનં.૬૯હિન્દીમાધ્યમ, સવારપાળી, આનંદનગર | શ્રી પવનકુમાર |
| 17 | સંત ગાડગેબાબા પ્રા.શા. નં.૭૧, મરાઠીમાધ્યમ, બપોરપાળી,આનંદનગર, | શ્રી સુભાષ નામદેવ પરસાઈ |
| 18 | આર્યાભટ્ટપ્રા.શાળાનં. ૬૮, ગુજરાતીમાધ્યમ, સવારપાળી, પાટીચાલ, | શ્રી હેમાંગી સુરેખચંદ્ર મહેતા |
| 19 | શ્રીસંત તુલસી દાસ શાળા ક્રમાંક - 169 | શ્રી રાજેશભાઈ શ્યામલાલ મોર્ય |
| 20 | શ્રીલાલ બહાદુર શાસ્ત્રી,શાળા ક્રમાંક ૨૨૯ | શ્રીમતી ધર્મિષ્ઠાબેન ચૌધરી |
| 21 | જનાબદાગ દહેલ્વી પ્રા.શાળાનં.૨૬૯, કુમારશાળા, ઉર્દુમાધ્યમ, | શ્રીમતી પઠાણ શબાનાખાનમ ટી. |
| 22 | શ્રી. અવિનાશ વ્યાસન. પ્રા.શાળાનં.૧૯૬, મિલનનગર | શ્રી ઐયુબખાન ટી. પઠાન |
| 23 | શ્રી રામપ્રસાદ બિસ્મીલ પ્રા.શાળાનં. ૨૫૩, કન્યાશાળા, બપોરપાળી, ઉર્દુમાધ્યમ, મિલનનગર | શ્રીમતી અન્સારી હમીદા બાનું |

NAVSARJAN XCHD

| | | |
|---|---|---|
| 24 | જનાબ બહાદુરશાહ ઝફરપ્રા.શાળાનં. ૧૯૪. કુમારશાળા, સવારપાળી, મિલનનગર | શ્રી શેખ મુબીન અહેમદ |
| 25 | મહાદેવદેસાઈ કુમાર શાળાનં.૨૦૬, ગુજરાતીમાધ્યમ, સંજયનગર | શ્રી હિતેન્દ્રભાઈ એમ પંડયા |
| 26 | શ્રી. આર.કેચૌહાણ પ્રાયમરી કન્યાશાળાનં. ૨૦૭, ગુજરાતીમાધ્યમ, | શ્રીમતી મનિષા જી. ચૌહાણ |
| 27 | અશફાકઉલ્લાહખાન પ્રા. શાળાનં. ૧૫, ઉર્દુમાધ્યમ, રસુલાબાદ | શ્રી શેખ ઝહર હમીદ |
| 28 | વાસુદેવ બળવંત ફડકે પ્રા.શાળાનં. 52, મરાઠીમાધ્યમ, બપોરપાળી, | શ્રીમતી વિશાખા મધુકર ભાવસાર |
| 29 | સંતમુક્તાઈ પ્રા. શાળાનં. ૨૦૨(મરાઠીમાધ્યમ) | શ્રીમતી આશા ટી. બૈસાણે |
| 30 | પરીક્ષિતલાલ મજુમદાર, પ્રા. શાળા ક્રમાંક 197 | |
| 31 | ગોપાલકૃષ્ણ ગોખલે,પ્રા.શાળા ક્રમાંક ૨૬૩ | શ્રીમતી સંગીતા રતનરાવ વિશ્પુતે |
| 32 | શ્રીમનીબેન પટેલ, પ્રા. શાળા ક્રમાંક 198 | શ્રીમતી શીતલબેન એ. ફૂલપગાર |
| 33 | ઈસ્માઈલ મેરઠી ઉર્દુ પ્રા.શાળાનં.૭૫,કન્યાશાળા, બપોરપાળી, ભાટેના | શ્રીમતી અન્સારી રૂખસાનાબાનું ઝરીરૂદીન |
| 34 | ડો.જગદીશચંદ્ર બોઝ પ્રા.શાળાનં. ૨૯, કુમારશાળા, સવારપાળી, ભાટેના | શ્રી અન્સારી અ. મોઈન |
| 35 | પંડિત ઓમકારનાથ ઠાકુર પ્રા.શાળાનં.૬૧, સવારપાળી, ગુજરાતી માધ્યમ, સંગમટેકરી | શ્રીમતી ચેતનાબેન મુકુંદભાઈ પટેલ |
| 36 | પ્રો.ત્રિભોવનદાસ ગજ્જર પ્રા.શાળાનં. ૬૨, બપોરપાળી, ગુજરાતી માધ્યમ, સંગમટેકરી | શ્રીમતી કોમલબેન આર. મોદી |
| 37 | મુનશી પ્રેમચંદ પ્રા.શાળાનં. ૨૬૫, હિન્દીમાધ્યમ, સવારપાળી, અલથાણ | શ્રી શૈલેશ સી. પાંડે |
| 38 | શ્રી. ખુદીરામ બોઝ પ્રા.શાળાનં.૪૨ (ગુજરાતીમાધ્યમ), ભાટેના | શ્રી પટેલ પ્રકાશચંદ્ર અનિલભાઈ |
| 39 | શ્રી. અન્નાભાઉ સાઠેપ્રા.શાળાનં. ૪૩,મરાઠીમાધ્યમ, બપોરપાળી, ભાટેના | શ્રીમતી હેમલતા યશવંત પાટીલ |
| 40 | શ્રી મોતીલાલ અમીન શાળા ક્રમાંક -૪૬ | શ્રી શૈલેશભાઈ ડી. પટેલ |
| 41 | મનુભાઈ પંચોલી શાળાનં.૨૪૯, કુમારશાળા, ગુજરાતીમાધ્યમ, શિવશક્તિ | શ્રી રમણીકભાઈ વી. નાવડિયા |
| 42 | નાનાભાઈ કા. ભટ્ટશાળાનં.૨૫૦,કન્યાશાળા, બપોરપાળી, ગુજરાતી માધ્યમ, શિવશક્તિ | શ્રીમતી ચેતનાબેન એમ. રબારી |
| 43 | સંત જનાબાઈ પ્રા. શાળાનં. ૨૧૭(કન્યાશાળા), દરગાહભેસ્તાન | શ્રીમતી રેખા પ્રદીપ પવાર |
| 44 | સંતકવિત્રી મીરાંબાઈ શાળા ૨૨૧ | શ્રી પ્રદીપકુમાર એસ, મહાંતી |
| 45 | બાબા આંબેડકર પ્રાથમિક શાળા ૨૪૮ | શ્રી તુકારામ ઉપાસરાવ ગોન્નાડે |
| 46 | શ્રી.બાબાઆમટેન. પ્રા. શાળાક. ૨૦૦, મરાઠીમાધ્યમ, ઉધના -૭, સંજયનગર | શ્રી કૃષ્ણરાવ લોઢે |

NAVSARJAN XCHD

| | | |
|---|---|---|
| 47 | નાલંદા કુમાર શાળાનં. ૨૧૬, મરાઠીમાધ્યમ, સવારપાળી, દરગાહ | શ્રી નંદકિશોર પં. પાટીલ |
| 48 | મૌલાના મુહમ્મદ બરકતુંલ્લાહખાન પ્રા. શાળા નં.૨૨૮ | - |
| 49 | અબ્બાસ તૈયબજી પ્રા. શાળા ૨૭૫ | શ્રીમતી પઠાન યાસ્મીનબાનું સી. |

NAVSARJAN XCHD